## સંક્ષિપ્ત સમાચાર

### સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લા માહિતી કચેરીની પહેલ


આસીફ શેખ

ધરમપુરઃ વલસાડ જિલ્લા માહિતી કચેરી દ્વારા ધરમપુર તાલુકાના પર્યટન સ્થળ તરીકે જાણીતા આંબાતલાટ ગામના હિલ સ્ટેશન ખાતે સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાન અંતર્ગત ડુંગર પર આવેલા માવલી માતાના સ્થાનક તેમજ અંબા માતાના મંદિર પરિસરમાં સફાઈ કરવામાં આવી હતી. સફાઈ કામગીરી પૂર્ણ થયા બાદ મંદિર પરિસરમાં જિલ્લા માહિતી કચેરીની ટીમ દ્વારા પર્યાવરણની જાળવણીનો સંદેશ આપવા ફળાઉ તેમજ છાંયડો આપતા વૃક્ષોનું વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. પર્યટન સ્થળોની સ્વચ્છતા જાળવી રાખવા અપીલ કરવામાં આવી હતી.

### પારડીના બગવાડા-તીઘરા વચ્ચે દીપડો દેખાતા ભય


અમૃત પટેલ

પારડીઃ પારડીના બગવાડા-તીઘરા વચ્ચે દીપડો જોવા મળતાં ગ્રામ્ય વિસ્તારોમાં ફરી ફફડાટ ફેલાયો છે. બગવાડા-તીઘરા માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોને દીપડો નજરે પડ્યો હતો. દીપડાની અવરજવરનો વિડીયો વાયરલ થતાં સ્થાનિકોમાં પણ ભયનો માહોલ છે. પારડી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી વાડીઓ તેમજ ખેતરો આસપાસ છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવર જોવા મળી રહી છે. અગાઉ સલવાવ અને ડુમલાવ વિસ્તારમાં દીપડા પકડાયા હતા. ચાલુ વર્ષે વન વિભાગ દ્વારા પારડીના ગ્રામ્ય વિસ્તારોમાંથી દીપડાને પાંજરે પૂરવામાં આવ્યા હતા. તેમ છતાં ફરી બગવાડા-તીઘરા વચ્ચે દીપડો દેખાતા વન વિભાગ પણ સતર્ક બન્યું છે.

### નવસારીના ગૌરવકુમાર રાઠોડને રસાયણશાસ્ત્રમાં Ph.D.ની પદવી



નવસારીઃ નવસારીના ગૌરવકુમાર કમલેશભાઈ રાઠોડે રસાયણશાસ્ત્ર વિષયમાં નોંધપાત્ર સંશોધન કાર્ય પૂર્ણ કરી ડોક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.)ની પદવી પ્રાપ્ત કરી છે. ગૌરવકુમાર રાઠોડે "Bifunctional Reactive Dyes: Their Synthesis, Characterization and Dyeing Performance on Various Fibers" વિષય પર સંશોધન કાર્ય કર્યું હતું. તેમણે આ સંશોધન સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ભાવેશ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. ગૌરવકુમાર રાઠોડની આ શૈક્ષણિક સિદ્ધિ બદલ પરિવારજનો, મિત્રો તથા શુભેચ્છકોએ અભિનંદન પાઠવી ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી.

### આહવામાં સ્વચ્છતા અભિયાન યોજી સ્વચ્છતાનો સંદેશો અપાયો


ગિરીશ ભોયે

સાપુતારાઃ 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે આજરોજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલ તેમજ માર્ગ અને મકાન વિભાગ આહવા (રાજ્ય)નાં કાર્યપાલક ઇજનેર કેતનભાઇ કુંકણા તેમજ તેઓની સમગ્ર ટીમ દ્વારા આહવા ખાતે આવેલ ટ્રાન્સફરી હોસ્ટેલ અને જવાહર કોલોની પરિસર તેમજ નજીકના વિસ્તારોમાં સઘન સાફ-સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વિશેષ સફાઈ ઝુંબેશ દરમિયાન કચરો, પ્લાસ્ટિક, સૂકા પાંદડા તથા બિનજરૂરી સામગ્રીઓ દૂર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં માર્ગ અને મકાન વિભાગ આહવા (રાજ્ય) ના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓએ જાતે શ્રમદાન કરીને સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો સંદેશ પ્રસરાવ્યો હતો.



### ગાર્ડા કોલેજની બોક્સિંગ ખેલાડીઓ બે ગોલ્ડ સાથે યુનિવર્સિટી સ્તરે રનર્સ-અપ

નવસારીઃ VNSGUના ઉપક્રમે સાબર ગામની અંબાબા કોમર્સ કોલેજ ખાતે આંતરકોલેજ બોક્સિંગ (ફિમેલ) સિલેક્શન એન્ડ ટુર્નામેન્ટ યોજાઈ હતી. ટુર્નામેન્ટમાં ગાર્ડા કોલેજની વિશ્વકર્મા નિકિતા ગુલાબભાઈ (S.Y.B.A.) અને રાવત નેહા શ્રવણકુમાર (S.Y.B.A.) એ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. જ્યારે મૈસુરિયા પૂર્વી અશ્વિનકુમાર (F.Y.B.A.)એ પણ સારો દેખાવ કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સફળતા બદલ કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડો. ધર્મવીર એમ. ગુર્જર, ઉપાચાર્ય ડો. હિતેશ જે. પટેલ, ગાર્ડા કોલેજ ટ્રસ્ટ તથા સમગ્ર કોલેજ પરિવારે વિજેતા ખેલાડીઓને તથા પીટીઆઈ ડો. ચિરાગ કે. ટંડેલ અને જીમખાના અધ્યક્ષ ડો. અરવિંદભાઈ બી. પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

### સરીગામમાં પતિના ત્રાસથી કંટાળી પરિણીતાની પોલીસ ફરિયાદ

ઉમરગામઃ સરીગામ ભંડારવાડ મહાલક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતી નંદનાદેવી કમલેશકુમાર ગુપ્તા (ઉં.વ.29 )ના લગ્ન વર્ષ 2013માં કમલેશકુમાર ઈન્દ્રાશન ગુપ્તા (ઉં.વ.39, મૂળ રહે., યુપી) સાથે થયા હતા. લગ્નના એક વર્ષ બાદ પતિ દહેજમાં સારી કોઈ વસ્તુ સામાન કે રોકડ રકમ લાવી ન હોવાનું કહી તેણી સાથે અવારનવાર મેહણાં-ટોણાં મારી ઝઘડો કરતો હતો તથા બે દીકરી હોવાથી પતિ શંકા-વહેમ રાખી ઘણા વર્ષોથી નાની-નાની બાબતે બોલાચાલી કરી શારીરિક તથા માનસિક ત્રાસ આપતો અને ઝઘડો કરી ઢીકકમૂકીનો માર માર્યો હતો. તેણી પરિવારના લોકો તથા સમાજના લોકો સાથે મીટિંગ કરી તેના પતિ સાથે વિવાદનો અંત લાવવા માંગતી હતી પરંતુ તેના પતિમાં કોઈ સુધારો ન થતાં આખરે આ બનાવ અંગે સરીગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# વાવરમાં વીજપોલ નાંખવા જતાં કરંટ લાગતા 2 કામદારનાં મોત, 2 ગંભીર

**વીજપોલ** છટકીને બાજુમાં જીવંત વીજપ્રવાહ પર પડતા દુર્ઘટના બની



વલસાડઃ કપરાડા તાલુકાના અંતરિયાળ વાવર ગામમાં ઘરટાપાડા ફળિયા માં વીજપોલ ઊભો કરવાની કામગીરાન 4 કામદારને વીજ કરંટ લાગતા વાવર ગામના 2 કામદારોના કરૂણ મોત નીપજ્યા હતા

પોલીસ સૂત્રો અને ઘટના સ્થળેથી મળતી વિગતો મુજબ, ફરિયાદી હીરીયાભાઈ કૃષ્ણભાઈ પવાર (રહે.,વાવર)એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ વાવર ગામના ઘરટાપાડા ફળિયામાં વીજપોલ ઊભી કરવાની કામગીરી દરમિયાન 15 જેટલા ઇસમો મળી વીજપોલ ઊભો કરતાં હતાં. આ દરમિયાન વીજપોલ છટકી બાજુમાંથી પસાર થતી જીવંત વીજપ્રવાહના તાર ઉપર પડતા 4 લોકોને વીજ કરંટ લાગ્યો હતો. જેમને 108 માં સુથારપાડા સી.એચ.સી. લવાયા હતાં. જ્યાં તબીબે સુરેશભાઈ કુસનાભાઈ પવાર (ઉં.વ.૪૫, રહે., વાવર-રીઠમાળ) અને સાગરભાઈ આંબાદાસભાઈ સરનાયક (ઉં.વ.20, રહે., વાવર-ઘરટાપાડા) બંનેને મૃત જાહેર કરાયા હતા. જ્યારે હિમેશ ભાવુરામ સરનાયક, શુભમ મનુભાઈ દોડકાને સ્ટેટ હોસ્પિટલમાં દાખલ કરાતા સારવાર ચાલી રહી છે. બનાવની જાણ થતાં મૃતકોના પરિવારજનો તથા વાવર અને આસપાસના ગામોના લોકો સુથારપાડા સરકારી હોસ્પિટલ પહોંચ્યા હતા. બે કામદારના મોતથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

#### વીજપોલની સ્થાનિક વીજ કચેરીને જાણ કરાઇ ન હતી: ડી.ઇ. સુથારપાડા વીજ કચેરી

સુથારપાડા વીજ કચેરીના ડેપ્યુટી ઇજનેર આર.આર.પટેલે જણાવ્યું કે, વાવર ગામની ઘટનામાં કચેરીને વીજપોલ બદલવાની કામગીરી બાબત અંગે જે એજન્સી કામ કરે છે, તેણે કોઈ જાણ કરી ન હતી. જોકે આ ગંભીર બાબત હોય હાલે તપાસ ચાલી રહી છે.

#### એજન્સી દ્વારા સલામતીનાં ધારા ધોરણો પૂર્ણ કરાયા હતા ખરા?

સમગ્ર ઘટનામાં મહત્વનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, અહીં કામદારો કઈ એજન્સીમાં કામ કરતાં હતાં. એજન્સી દ્વારા સલામતીના તમામ ધારા ધોરણો પૂર્ણ કરાયા હતા ખરા, ત્યાં એજન્સીના કોઈ જવાબદાર કર્મચારીઓ હતા ખરા, બીજું મહત્ત્વનું એ કે સુથારપાડા વીજ કચેરીના અધિકારીએ સ્પષ્ટ કહ્યું કે, વીજપોલ બદલવા અંગે એજન્સી દ્વારા કોઈ જાણ કરાઇ ન હતી.

# વાપીમાં પેટ્રોલપંપ બંધ કરાવવાની ધમકી, પત્રકાર સહિત બે સામે ફરિયાદ

**પેટ્રોલમાં** ભેળસેળ કરતાં હોવાનું કહી પૈસા માંગ્યોનો આક્ષેપ

વાપીઃ વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નજીકના ડુંગરા ગામ, કુંભારવાડ ફળિયામાં રહેતા વિનોદભાઈ કેશુરભાઈ પટેલ (ઉં.51) વાપી જીઆઈડીસી ચાર રસ્તા સ્થિત ગોવિંદા કોમ્પ્લેક્સની બાજુમાં આવેલા એચ.એમ. વૈદ્ય પેટ્રોલપંપ પર આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. ગત તા.22-9-26 ના રોજ સવારે એક કસ્ટમર પેટ્રોલમાં ભેળસેળ કરો છો તેવા આક્ષેપો કરતો હતો અને તેના હાથમાં પ્લાસ્ટિકની પારદર્શક બોટલ હતી, જેમાં પાણી મિશ્રિત પેટ્રોલ જેવું પ્રવાહી ભરેલું બતાવ્યું હતું અને તેના જ પેટ્રોલપંપથી ભરાવેલ હતું જણાવતો હતો. જેથી તેનું નામ પૂછતા મનોજ રાવલ જણાવ્યું હતું. મેનેજરે જણાવ્યું કે, પેટ્રોલમાં કોઈ ભેળસેળ થતી નથી. તેમ છતાં મનોજ રાવલ માનવા તૈયાર થયો ન હતો અને મીડિયાને બોલાવું છું કહી ધમકી ઉચ્ચારી હતી.

જે બાદ આશરે પંદરેક મિનિટ બાદ એક કાર આવી અને તેમાંથી પત્રકાર સોનિયા ચૌહાણ ઉતરી હતી અને મનોજ રાવલ પાસે પહોંચી હતી અને તેઓ હાથમાં માઈક લઈ પરવાનગી વિના જ ઓફિસની કેબિનમાં આવ્યા હતાં. પેટ્રોલપંપનો વિડીયો બનાવ્યો હતો. આ પુરવઠા વિભાગમાં મોકલી પેટ્રોલપંપ બંધ કરાવી દઈશ તથા વિડીયો વાયરલ ન કરવો હોય તો પૈસા આપવા પડશે. આ બનાવ અંગે વિનોદ પટેલે વાપી ટાઉન પોલીસ મથકમાં બંને વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# ડુંગરામાં વૃદ્ધાને બંધક બનાવી રૂ.6.25 લાખના દાગીનાની લૂંટ

**ઘરમાં** વૃદ્ધા પાણી ગરમ કરી રહ્યાં હતા તે સમયે બે ઈસમો આવી ચડ્યા

વાપીઃ વાપી નજીકના ડુંગરા-ડુંગરી ફળિયા સ્થિત કોળીવાડમાં બે અજાણ્યા શખ્સે ઘરમાં ઘૂસી વૃદ્ધ મહિલાને બાંધી દઈ રૂ.6.25 લાખના દાગીનાની લૂંટ ચલાવી હતી.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નજીકના ડુંગરા, ડુંગરી ફળિયા, કોળીવાડમાં મહેશભાઈ શુક્કરભાઈ પટેલ (ઉં.વ.49) પરિવાર સાથે રહે છે. ગત તા.23 સપ્ટેમ્બરના રોજ સવારે સાડા પાંચેક વાગ્યાના અરસામાં મહેશભાઈની પત્ની બાથરૂમમાં સ્નાન કરવા ગઈ હતી. તે દરમિયાન ઘરના પાછળના ભાગે 75 વર્ષીય માતા નાનીબેન ચૂલો સળગાવી નાહવા માટે પાણી ગરમ કરી રહ્યા હતા. આ સમયે આશરે 30થી 35 વર્ષની ઉંમરના બે અજાણ્યા ઈસમો ત્યાં આવી પહોંચ્યા હતાં. બંનેએ વૃદ્ધ મહિલાને પકડી નજીકના ક્યારામાં લઈ જઈ તેમના હાથ-પગ બાંધી દીધા હતા. ત્યારબાદ તેમના કાનની બુટ્ટી, ગળાની સોનાની ચેન તથા હાથની બંગડીઓ સહિતના દાગીના ઉતારી લઈ લૂંટારૂઓ ફરાર થવા લાગ્યા હતા. બુટ્ટી ખેંચી કાઢવાના કારણે નાનીબેનના બંને કાનમાં ઈજા થઈ હતી. મોટાભાઈને જોઈ બંને શખ્સ ભાગી છૂટ્યા હતા. લૂંટ બાદ ઈજાગ્રસ્ત નાનીબેનને સારવાર માટે નજીકની ક્લિનિકમાં લઈ જવાયા હતા. ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંનેને ઝડપી પાડ્યા હતા.

#### લૂંટ કરનારા બે રિક્ષાચાલક ઝબ્બે

વલસાડ એલસીબી અને ડુંગરા પોલીસની ટીમે ગણતરીના કલાકોમાં રાજેશ અશોકભાઈ શુક્લા (ઉં.વ.45, રહે., વાઘધરા, દાદરા સ્થિત ચાલીમાં, સેલવાસ) અને વિજયકુમાર બાંસદેવ પાલ (ઉં.વ.21, રહે., મોટી સુલપડ સ્થિત ચાલીમાં, વાપી, બંને મૂળ યુપી)ને ઝડપી પાડ્યા હતા. બંને રિક્ષાડ્રાઈવર છે. પોલીસે તેઓની પાસેથી લૂંટ કરેલા સોનાના દાગીના સહિત કુલ રૂ.6,98,410નો મુદ્દામાલ કબજે લીધો હતો.

# 4 કરોડની લોનના બહાને રૂ. 16.25 લાખની ઠગાઈ

**મરિન** ટ્રેનિંગ સેન્ટર માટે લોનની લાલચ આપી પૈસા પડાવનાર દંપતી સામે ગુનો

વલસાડઃ મરીન સર્વિસ કંપનીના શિપમાં નોકરી કરતાં એક યુવક સાથે મરીન ટ્રેનિંગ સેન્ટર માટે 4 કરોડની લોન મંજૂર કરાવી આપવાના બહાને દંપતીએ 16.25 લાખ પડાવી લઈ છેતરપિંડી આચરી હતી.

મળતી માહિતી મુજબ, વલસાડના કોસંબા ખાતે નવરંગ સ્ટ્રીટમાં રહેતા 45 વર્ષીય નેલસન વિશ્રામભાઈ વટીવાલા લેહર મરીન સર્વિસ કંપનીના શિપમાં નોકરી કરે છે. તેઓને વશીયર ખાતે મરીન ટ્રેનિંગ સેન્ટરનો નવો પ્રોજેક્ટ શરૂ કરવો હોય 4 કરોડની લોનની જરૂરિયાત હતી. આ દરમિયાન તેમના એક પરિચિત મારફતે સંપર્કમાં આવેલા મુલ્લાવાડી, આનંદનગર-3 સોસાયટીમાં રહેતા દેવાંગ મહેશભાઈ દેસાઈએ 4 કરોડની લોન મંજૂર કરાવવા 15 લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. અલગ-અલગ તબક્કે કુલ 15 લાખ રોકડા ચૂકવ્યા હતા. ત્યારબાદ એક લાખ તેમજ એ દેવાંગની પત્ની તૃપ્તીબેન દેવાંગભાઈ દેસાઈના મોબાઈલ નંબર પર ગૂગલ પે મારફતે 25,000 ટ્રાન્સફર કર્યા હતા. આમ, દંપતીએ લોન પ્રોસેસિંગના નામે ફરિયાદી પાસેથી કુલ 16,25,000 પડાવી લીધા હતા. જો કે લોન મંજૂર નહીં થતાં ફરિયાદીએ પોતાના નાણાં પરત માંગ્યા છતાં પરત મળ્યા ન હતા. જે અંગે ફરિયાદ આપતા વલસાડ સિટી પોલીસે દેવાંગ મહેશભાઈ દેસાઈ અને તૃપ્તીબેન દેવાંગભાઈ દેસાઈ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### મોટી પલસાણ ખાડીમાં કપડાં ધોવા દાદી સાથે ગયેલો માસૂમ ડૂબી ગયો



વલસાડઃ કપરાડાના મોટી પલસાણ ગામમાં કપડાં ધોવા જતી દાદી સાથે ગયેલા માસૂમ બાળકનું તળામાં ડૂબી જતાં માસૂમ બાળકનું મોત નીપજ્યું હતું.

કપરાડા તાલુકાના મોટી પલસાણ ગામના કરંજલી ફળિયામાં રહેતા અરવિંદભાઈ તુકારામ વળવીએ કપરાડા પોલીસ મથકે આપેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમનો પુત્ર અન્દ્રિયાસ ગત 24 સપ્ટેમ્બરના રોજ ગામની ખાડીમાં કપડાં ધોવા જઈ રહેલી દાદી સાથે ગયો હતો. દરમિયાન અકસ્માતે તે ખાડીમાં પડી જતાં ડૂબી ગયો હતો. જેને સારવાર માટે કપરાડા સી.એચ.સી. લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# વલસાડમાં ગેરકાયદે કોમર્શિયલ બાંધકામો

**સુપ્રીમ** કોર્ટના આદેશ બાદ પાલિકામાં હલચલ, કાયદા સમિતિના અધ્યક્ષની કાર્યવાહીની માંગ

વલસાડઃ વલસાડ શહેરમાં કેટલાક વેપારીઓ કોઈપણ પ્રકારની પરવાનગી વગર જ બેફામ બાંધકામ કરતાં હોવાનું સામે આવ્યું છે. જેમાં ખાસ કરીને પાલિકા પ્રમુખ માલતીબેનના વોર્ડમાં આવતા અબ્રામા વિસ્તારમાં મોટા પાયે આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટે દેશભરની પાલિકાઓને રહેણાંક મિલકતોનો કોમર્શિયલ ઉપયોગ થતો હોય તો તેને સીલ કરવાનો આદેશ કર્યો હોવાથી સ્થાનિક સ્તરે હલચલ તેજ બની છે.

વલસાડ પાલિકાના કાયદા સમિતિના અધ્યક્ષ નિતેશ એમ. વશીએ ચીફ ઓફિસર અને પ્રમુખને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે કે, અબ્રામા અને મોગરાવાડી જેવા નવા વિકસિત વિસ્તારોમાં ખેતીની જમીન પર કોઈપણ જાતની એન.એ. પરવાનગી લીધા વિના શોરૂમ, દુકાન, ઓફિસ, ગોડાઉન અને હોટેલ જેવી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. આ ઉપરાંત રહેણાંક હેતુની પરવાનગી મેળવીને તેનો સંપૂર્ણ કોમર્શિયલ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, બાંધકામ પરવાનગી કે બી.યુ. સર્ટિફિકેટ ન હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા આવી મિલકતોની ગેરકાયદે આકારણી કરી દેવામાં આવી છે. હાઉસ ટેક્સ, જાહેર બાંધકામ અને ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા આ અંગે શું તપાસ કરાઈ તેનો વિગતવાર અહેવાલ આગામી સામાન્ય સભામાં રજૂ કરવા તાકીદ કરી છે.

# ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં પટાવાળા પર કાતરથી હુમલો

ધરમપુરઃ ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં પટાવાળા તરીકે નોકરી કરતાં અને મોટી ઢોલડુંગરીના કસાડ ફળિયામાં રહેતા 40 વર્ષીય જયેશભાઈ વલ્લભભાઈ પટેલ તા.23મીની રાત્રે ઈમરજન્સી વોર્ડમાં પેશન્ટ વધુ હોવાથી તેઓ ફરજ પર હાજર હતા. આ દરમિયાન ધરમપુરના વડ ફળિયામાં રહેતો મકસુદ ઉર્ફે પપ્પુ ઉર્ફે ડોન હમીદ શેખ હોસ્પિટલમાં આવ્યો હતો. ફરિયાદીએ તેને હાલમાં પેશન્ટ વધુ હોવાનું જણાવી બાદમાં આવવા માટે કહ્યું હતું. જેથી તેને ગુસ્સામાં આવી ટેબલ પરની કાતર વડે હુમલો કરી દીધો હતો જેમાં તેમને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ ફરજ પરના તબીબે પોલીસને કરતાં પોલીસ સ્થળ પર પહોંચી આરોપીને પકડી લઈ ગઈ હતી.



# વર્ષોની 108ની માંગણી સાંસદની મુલાકાતના 24 કલાકમાં પૂરી

**ટુકવાડામાં** સંઘપ્રદેશ દાદરા નગર હવેલીથી 108 બોલાવવી પડતી હતી, 25 ગામની સમસ્યા દૂર

વલસાડઃ ગુજરાત અને સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના સરહદી વિસ્તાર અને કપરાડા તાલુકાના ટુકવાડા સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે 108 એમ્બ્યુલન્સ સેવાની શરૂઆત થતા 25થી વધુ ગામોના હજારો લોકો માટે નવી તબીબી સુવિધા ઊભી થશે. નોંધનીય છે કે, વલસાડ ડાંગના સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલની ગામની મુલાકાત સમયે સ્થાનિક આગેવાનોની રજૂઆત બાદ સ્થળ ઉપરથી સાંસદે સી.ડી એચ.ઓ. સાથે તાત્કાલિક ધોરણે અહીં એમ્બ્યુલન્સ ફાળવવા જણાવ્યું હતું. વાત કર્યાના 24 કલાકમાં આરોગ્ય અધિકારીએ 108 એમ્બ્યુલન્સ ફાળવી દેતા વર્ષો બાદ એમ્બ્યુલન્સની સુવિધા ઉપલબ્ધ થઈ છે. એમ્બ્યુલન્સ ન હોય અકસ્માત, પ્રસુતિ સમયે 30 કિ.મી. દૂર સેલવાસ જવું પડતું હતું, ત્યાંથી 108 આવતી હતી. સ્થાનિક યુવા આગેવાન લલિત ગોંડે જણાવ્યુ કે, વર્ષોની એમ્બ્યુલન્સની અમારી માંગણી હતી, જોકે સાંસદે પ્રથમ મુલાકાતમાં રજૂઆત કરતાં જ 24 કલાકમાં 108 એમ્બ્યુલન્સ ફાળવી દીધી છે. સેલવાસથી 108 આવતી હતી જોકે તે પણ બંધ થઈ હતી.






ક્રિશ પટેલ - ઓમકાર ડાયગ્નોસ્ટિક સ્કેન, ચીખલી


રાકેશ માહ્યાવંશી - જય શિવરાવ યુવક મંડળ, બારડોલી


અનિકેત પટેલ, કૃણાલ પટેલ, પ્રકાશ પટેલ, ધવલ પટેલ - બરબોધન


દક્ષ નિખિલ પટેલ, શ્લોક હાર્દિક પટેલ ગામતળાવ બુજરંગ, માંડવી


હંસા સોલંકી, નીતા ઠક્કર, મનીષા પારેખ, નીતા પટેલ, સુનિતા રાજપૂત, વંદના ગુપ્તા - બીલીમોરા